**પ્રધાનમંત્રી યુનાઇટેડ કિંગડમના પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી (24 જુલાઈ, 2025)**

24 જુલાઈ, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 23-24 જુલાઈ 2025 દરમિયાન યુનાઇટેડ કિંગડમની તેમની સત્તાવાર મુલાકાત દરમિયાન, આજે યુનાઇટેડ કિંગડમના પ્રધાનમંત્રી, મહામહિમ સર કીર સ્ટારમર સાથે મુલાકાત કરી. પ્રધાનમંત્રી સ્ટારમરે બકિંઘમશાયરમાં UK ના પ્રધાનમંત્રીના કંટ્રી રેજિડેન્સ ચેકરર્સ પર પહોંચતાં જ તેમનું ભાવપૂર્વક સ્વાગત કર્યું. બે નેતાઓએ વ્યક્તિગત બેઠકની સાથે-સાથે પ્રતિનિધિ સ્તરની વાતચીત પણ કરી હતી.

2. બંને પ્રધાનમંત્રીઓએ ઐતિહાસિક ભારત-UK વ્યાપક આર્થિક અને વ્યાપાર કરાર (CETA) પર હસ્તાક્ષરને આવકાર્યા હતા, જે નવા સ્તરે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી વધારશે, જ્યારે બંને અર્થતંત્રોમાં દ્વિપક્ષીય વ્યાપાર, રોકાણ, આર્થિક સહયોગ અને રોજગારીનું સર્જન નોંધપાત્ર રીતે વધારશે. બંને પક્ષોએ એક ડબલ કન્ટ્રિબ્યુશન કન્વેન્શન પર વાટાઘાટો કરવા માટે પણ સંમત થયા છે, જે CETA સાથે અમલમાં આવશે અને વ્યવસાયિક સંસ્થાઓ માટે પ્રતિસ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન આપીને અને વ્યાપાર કરવાના ખર્ચને ઘટાડી બંને દેશોના વ્યવસાયિકો અને સેવા ઉદ્યોગને સુવિધા પ્રદાન કરશે. મૂડી બજારો અને નાણાંકીય સેવાઓના ક્ષેત્રોમાં વધતા સહયોગને ધ્યાનમાં રાખીને પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે બંને પક્ષો ભારતના પહેલા આંતરરાષ્ટ્રીય નાણાંકીય સેવા કેન્દ્ર, ગુજરાતમાં ગિફ્ટ સિટી અને યુકેના જીવંત નાણાંકીય ઇકોસિસ્ટમ વચ્ચે વધુ વાતચીતને પ્રોત્સાહન આપવા માટે કામ કરી શકે છે.

3. બે નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોના બધાજ પહેલુઓની સમીક્ષા કરી અને ભારત-UK વિઝન 2035 ને અપનાવ્યું. વિઝન 2035 દસ્તાવેજ અર્થવ્યવસ્થા અને વિકાસ, ટેકનોલોજી, નવીનતા, અનુસંધાન અને શિક્ષણ, રક્ષા અને સુરક્ષા, જળવાયુ કાર્યવાહી, સ્વાસ્થ્ય અને એક-બીજા વચ્ચે સંબંધોના મુખ્ય ક્ષેત્રોમાં આગામી દસ વર્ષ માટે સંબંધોને આગળ વધારી વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીમાં વધુ મહત્વાકાંક્ષા અને નવી ગતિને પ્રોત્સાહન આપશે.

4. બંને નેતાઓએ બંને દેશોની સાથે-સાથે વૈશ્વિક બજારમાં વધતી માંગને પહોંચી વળવા માટે રક્ષા ઉત્પાદનોના સહ-ડિઝાઇન, સહ-વિકાસ અને સહ-ઉત્પાદનમાં સહયોગને પ્રોત્સાહન આપવા માટે રક્ષા ઔદ્યોગિક રોડમેપને અંતિમ રૂપ આપવાનું પણ સ્વાગત કર્યું. બંને દેશોના સશસ્ત્ર દળોની નિયમિત સંલગ્નતાને આવકારતાં, તેમણે ગાઢ બની રહેલ રક્ષા અને સુરક્ષા ભાગીદારી પર સંતોષ વ્યક્ત કર્યો.

5. બે નેતાઓએ નવી અને ઉભરતી ટેકનોલોજીમાં વધતા સહયોગ પર સંતોષ વ્યક્ત કર્યો અને ટેકનોલોજી અને સુરક્ષા પહેલ (TSI) ના ઝડપી અમલીકરણ માટે આહ્વાન કર્યું, જે ટેલિકોમ, મહત્વના ખનિજો, AI, બાયોટેકનોલોજી અને સ્વાસ્થ્ય ટેક્નોલોજી, સેમીકન્ડકટર, ઉન્નત સામગ્રી અને ક્વૉન્ટમ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. TSI એ આજે એક વર્ષ પૂર્ણ કર્યું છે.

6. બે પ્રધાનમંત્રીઓએ શિક્ષણ ક્ષેત્રમાં ભારત અને UK વચ્ચે વધતી ભાગીદારીનું પણ સ્વાગત કર્યું હતું, જેમાં છ UK યુનિવર્સિટીઓ નવી શિક્ષણ નીતિ (NEP) અંતર્ગત ભારતમાં કેમ્પસ ખોલવા માટે કામ કરી રહી છે. સાઉથએમ્પ્ટન યુનિવર્સિટી, જેણે 16 જૂન 2025 ના રોજ ગુરુગ્રામમાં પોતાનું કેમ્પસ ખોલ્યું , NEP અંતર્ગત ભારતમાં પોતાનું કેમ્પસ ખોલનાર પ્રથમ વિદેશી યુનિવર્સિટી છે.

7. બંને પક્ષોએ UK માં શૈક્ષણિક, કળા, સાહિત્ય, દવા, વિજ્ઞાન, રમતગમત, વ્યવસાય અને રાજકારણના ક્ષેત્રોમાં ભારતીય પ્રવાસીઓના મૂલ્યવાન યોગદાનને સ્વીકાર્યું છે. તેઓ એ વાત પર સહમત થયા કે આ જીવંત સેતુ ભારત-UK સંબંધોના વિકાસ અને પ્રગતિનો એક મુખ્ય આધાર છે.

8. પ્રધાનમંત્રી મોદીએ પહલગામ આતંકવાદી હુમલાને પગલે ભારતના લોકો માટે મજબૂત સમર્થન અને એકતા દર્શાવવા બદલ પ્રધાનમંત્રી સ્ટારમરનો આભાર માન્યો હતો. બંને નેતાઓએ આતંકવાદ સામે વૈશ્વિક લડાઈને મજબૂતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. ઉગ્રવાદ અને કટ્ટરવાદ બંને સમાજ માટે જોખમ ઊભું કરે છે, તેઓ આ ખતરાના સમાધાન માટે દ્વિપક્ષીય સહયોગને વધારવા માટે સહમત થયા. પ્રધાનમંત્રી મોદીએ આર્થિક અપરાધીઓ અને ભાગેડુઓને ન્યાયના કઠેડામાં લાવવા માટે UK ના સહયોગની પણ માંગણી કરી હતી.

9. બંને નેતાઓએ હિંદ-પ્રશાંત, પશ્ચિમ એશિયા અને રશિયા-યુક્રેન સંઘર્ષ સહિત પરસ્પર હિતના વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર પણ મંતવ્યોનું આદાન-પ્રદાન કર્યું.

10. પ્રધાનમંત્રીએ પોતાનું ભાવપૂર્વક સ્વાગત કરવા બદલ પ્રધાનમંત્રી સ્ટારમરનો આભાર માન્યો અને તેમને વહેલી તકે ભારત આવવાનું આમંત્રણ આપ્યું.

11. મુલાકાત દરમિયાન બંને પક્ષો દ્વારા નીચેના દસ્તાવેજો પર હસ્તાક્ષર કરવામાં/અપનાવવામાં આવ્યા હતા:

- વ્યાપક આર્થિક અને વ્યાપાર કરાર [CETA]

- ભારત-UK વિઝન 2035 [લિંક]

- સંરક્ષણ ઔદ્યોગિક રોડમેપ

- ટેક્નોલોજી અને સુરક્ષા પહેલ પર નિવેદન [લિંક]

- રાષ્ટ્રીય તપાસ બ્યૂરો, ભારત અને UK ની રાષ્ટ્રીય અપરાધ એજન્સી વચ્ચે MoU

લંડન

24 જુલાઈ, 2025